PRGI No. GUJGUJ/2008/26148
Volume : 18
Issue : 293
Dt.: 04-07-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa



# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

### રામ મંદિર વિવાદ પર RSSનું નિવેદન

# રામભક્તોની આસ્થા પર આઘાત કરનારા દોષિતોને સજા આપો

## સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલેએ દોષિતો સામે કડક કાર્યવાહી અને મંદિર વ્યવસ્થાપનમાં સુધારાની માંગ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યામાં રામલલા મંદિરનો ચઢાવો ચોરી થવાની ઘટના પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ કડક નિવેદન જાહેર કર્યું છે. સંઘે કહ્યું કે, આ ઘટના માત્ર ચોરીનો મામલો નથી, પરંતુ આનાથી કરોડો રામ ભક્તોની આસ્થા અને શ્રદ્ધાને ઊંડો આઘાત પહોંચ્યો છે. સંઘે દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરવાની સાથે મંદિર મેનેજમેન્ટ અને વ્યવસ્થામાં સુધારાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલેએ જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું કે, શ્રી રામ જન્મભૂમિ પર બનેલું ભવ્ય મંદિર પેઢીઓના સંઘર્ષ, કરોડો રામ ભક્તોના સમર્પણ, ત્યાગ અને બલિદાનનું પ્રતીક છે. આ જ કારણ છે કે, આ મંદિર સમગ્ર હિંદુ સમાજની આસ્થા, શ્રદ્ધા અને ભક્તિનું પ્રમુખ કેન્દ્ર છે. આવા સમયમાં અયોધ્યા સ્થિત શ્રી રામલલા મંદિરના દાન પાત્રોમાં જમા થયેલી ધનરાશિની ચોરીની ઘટના અત્યંત કમનસીબ છે. સંઘે કહ્યું કે, આ ઘટનાથી સમગ્ર સમાજ અને રામ ભક્તોની લાગણીઓ દુભાઈ છે. તેથી આ મામલાને સામાન્ય ગુનાની જેમ નહીં, પરંતુ કરોડો લોકોની આસ્થા સાથે જોડાયેલા ગંભીર વિષય તરીકે જોવો જોઈએ.

સંઘે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસ (ટ્રસ્ટ)ના આગ્રહ પર ઉત્તર પ્રદેશ સરકારે આ મામલાની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. તપાસ ટીમની ભલામણના આધારે કાનૂની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. સંઘે સ્પષ્ટ કહ્યું કે, તપાસમાં જે પણ વ્યક્તિ દોષિત સાબિત થાય, તેની સામે કડકમાં કડક કાર્યવાહી સુનિશ્ચિત થવી જોઈએ. સાથે જ એવું પણ કહેવામાં આવ્યું કે, ન્યાય ત્યારે જ પૂરો થયેલો ગણાશે, જ્યારે દોષિતોને કાયદા મુજબ સખત સજા મળશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન નહીં થાય.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કહ્યું કે, આ ઘટનાને અસાધારણ ગણીને મંદિર મેનેજમેન્ટે વ્યવસ્થા અને સંચાલનની તમામ ખામીઓને દૂર કરવા માટે અસરકારક પગલાં ભરવા જોઈએ. સંઘના જણાવ્યા અનુસાર વર્તમાન સમયમાં જે ભ્રમ અને મૂંઝવણની સ્થિતિ ઊભી થઈ છે, તેને વહેલી તકે સમાપ્ત કરવી જરૂરી છે. આ માટે મંદિર મેનેજમેન્ટ અને તંત્ર દ્વારા ગઠિત વિશેષ તપાસ ટીમ જરૂરી પહેલ કરે. સંઘે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સુદ્રઢ નાણાકીય સંચાલન, સંપૂર્ણ પારદર્શિતા, મજબૂત દેખરેખ વ્યવસ્થા અને ધાર્મિક પવિત્રતાના વાતાવરણ દ્વારા શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ કરોડો શ્રદ્ધાળુઓનો વિશ્વાસ વધુ મજબૂત કરશે. પોતાના નિવેદનના અંતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સમગ્ર હિંદુ સમાજને ધૈર્ય અને સંયમ જાળવી રાખવાની અપીલ કરી છે. સંઘે કહ્યું કે, આ મુશ્કેલ સમયમાં સમાજે ભાવનાઓમાં વહી જવાને બદલે જવાબદારીનો પરિચય આપવો જોઈએ. સાથે જ એવું પણ કહ્યું કે, આ કમનસીબ ઘટનાનો લાભ ઉઠાવીને હિંદુ વિરોધી અને રાષ્ટ્ર વિરોધી શક્તિઓ હિંદુ ધર્મ તથા સમાજને બદનામ કરવાનો પ્રયાસ કરી શકે છે.

આવા કોઈપણ ષડયંત્રને નિષ્ફળ બનાવવું એ સમગ્ર સમાજની જવાબદારી છે. સંઘે ભરોસો વ્યક્ત કર્યો કે, નિષ્પક્ષ તપાસ, પારદર્શી વ્યવસ્થા અને અસરકારક સુધારાઓ દ્વારા મંદિરની ગરિમા, પવિત્રતા અને કરોડો રામ ભક્તોની આસ્થા પહેલાની જેમ જ અખંડ રહેશે.

# હિમાચલ પ્રદેશમાં વરસાદ અને ભૂસ્ખલનથી આફત: ૯ લોકોના મોત, ૫૦થી વધુ માર્ગો બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

હિમાચલ પ્રદેશમાં ચોમાસાના આગમન સાથે જ લોકોને ગરમીથી રાહત તો મળી છે, પરંતુ તેની સાથે જ મુશ્કેલીઓમાં પણ મોટો વધારો થયો છે. રાજ્યના શિમલા, કાંગડા, લાહૌલ-સ્પીતિ અને ચંબા જિલ્લામાં જુદા જુદા અકસ્માતોમાં બે મહિલાઓ સહિત ચાર લોકોના મોત થયા છે. આ સિવાય રોહતાંગ, બારાલાચા અને શિંકુલા પાસમાં હળવી બરફવર્ષા અને અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. વરસાદના કારણે ખેડૂતોને ડાંગર અને મકાઈની વાવણીમાં મોટી રાહત મળી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં થયેલા ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ૫૦ રસ્તાઓ બંધ થઈ ગયા છે. આ ઉપરાંત ૪૨ ટ્રાન્સફોર્મર બગડી જવાને કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. ચંબા જિલ્લાના ભરમોરમાં સિયૂંર નાળામાં પૂર આવતાં ગ્રીમા તરફ જતો રોડ ૬૦ ફૂટ જેટલો વહી ગયો હતો, જેનાથી હોલી-સિયૂંર-ગ્રીમા માર્ગ ઠપ થઈ ગયો છે. ચંબા-ભરમોર નેશનલ હાઈવે પણ ભૂસ્ખલનને કારણે આશરે ચાર કલાક સુધી બંધ રહ્યો હતો. બિલાસપુરમાં રસ્તાઓ પર માટી અને પથ્થરો આવી જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. લાહૌલ-સ્પીતિ જિલ્લામાં એચઆરટીસી (HRTC) કેલંગ ડેપોના ડ્રાઈવર અને કંડક્ટર ઉદયપુરથી મયાડ ઘાટી રૂટ પર ગયા હતા. સવારે ઉદયપુર પરત ફરતી વખતે કંડક્ટર જ્ઞાન સિંહ એક વાવ પાસે બ્રશ કરી રહ્યા હતા, ત્યારે અચાનક પહાડી પરથી એક મોટો પથ્થર તેમના માથા પર પડ્યો હતો, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.



બીજી તરફ શિમલાના રામપુરના નિરસુ ગામ પાસે ચોમાસાના વરસાદ વચ્ચે રસ્તા પર પડેલા લોખંડના પાતળા તારમાં કરંટ ઉતરતા એક ૬૦ વર્ષીય વૃદ્ધ મહિલાનું મોત થયું હતું. કાંગડા જિલ્લાના દેહરામાં નાની ઈલેક્ટ્રિક મોટર લગાવતી વખતે કરંટ લાગવાથી એક પ્લમ્બરે જીવ ગુમાવ્યો હતો. જ્યારે ચંબા જિલ્લાના અગાહર ગામમાં પગ લપસી જતાં ખીણમાં પડવાથી એક મહિલાનું મોત નીપજ્યું હતું. આપત્તિ વ્યવસ્થાપન વિભાગના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશમાં ચોમાસું બેઠા પછી અત્યાર સુધીમાં અલગ-અલગ અકસ્માતોમાં કુલ ૯ લોકોના મોત થઈ ચૂક્યા છે. જેમાં ૪ લોકોના લપસીને પડવાથી, ૧ વ્યક્તિનું ડૂબી જવાથી, ૧નું કરંટ લાગવાથી અને ૩ લોકોના અન્ય કારણોસર મોત થયા છે. આ સિવાય ૭ કાચા મકાનોને નુકસાન થયું હોવાના અહેવાલ છે. હવામાન વિજ્ઞાન કેન્દ્ર શિમલાના જણાવ્યા અનુસાર, આગામી સમયમાં કાંગડા અને મંડીના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે કુલ્લુ, શિમલા, સિરમૌર અને ઊના જિલ્લામાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. વરસાદ અને બરફવર્ષાના કારણે દિવસના તાપમાનમાં આશરે ૬ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે.

### મોદી ૧૦ જુલાઈએ ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડની મુલાકાતે

# ૪૦ વર્ષ પછી કોઈ ભારતીય વડાપ્રધાનનો ન્યૂઝીલેન્ડ પ્રવાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પોતાનો ત્રણ દિવસનો સેશેલ્સ પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યાના બરાબર દસ દિવસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ન્યૂઝીલેન્ડના પ્રવાસે જશે. છેલ્લા ૪૦ વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનની ન્યૂઝીલેન્ડની આ પ્રથમ સત્તાવાર મુલાકાત હશે. જેને કારણે આ પ્રવાસને અત્યંત ઐતિહાસિક ગણવામાં આવી રહ્યો છે. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને શુક્રવારે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે પીએમ મોદી ૧૦ જુલાઈએ ઓકલેન્ડ પહોંચશે અને ૧૧ જુલાઈએ પરત ફરશે.

આ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે તાજેતરમાં જ એપ્રિલ મહિનામાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (મુક્ત વ્યાપાર કરાર) પર હસ્તાક્ષર થયા છે. આ કરાર હેઠળ ન્યૂઝીલેન્ડથી આવતી ૯૫ ટકા વસ્તુઓ પરની ડ્યુટી (ટેરિફ) નાબૂદ કરવામાં આવશે. જ્યારે ભારતમાંથી ન્યૂઝીલેન્ડ જતા ૧૦૦ ટકા સામાનને ડ્યુટી ફ્રી એક્સેસ મળશે. પીએમ લક્સને જણાવ્યું કે, "ભારત વિશ્વની સૌથી મોટી અને ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. આ વ્યાપાર કરારથી ન્યૂઝીલેન્ડના ૧૪૦ કરોડ લોકોનું મોટું બજાર મળશે, જેનાથી રોજગારી વધશે અને આર્થિક વૃદ્ધિ મજબૂત થશે."

વર્ષ ૨૦૨૪-૨૫માં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧.૩ અબજ ડોલર રહ્યો હતો, જ્યારે વસ્તુઓ અને સેવાઓનો કુલ વેપાર આશરે ૨.૪ અબજ ડોલરે પહોંચ્યો છે. આ કરાર ભારતની ઈન્ડો-પેસિફિક આર્થિક વ્યૂહાત્મક નીતિને વધુ મજબૂત બનાવશે. વૈશ્વિક વેપારમાં ચાલી રહેલી અનિશ્ચિતતા વચ્ચે ન્યૂઝીલેન્ડ માટે ભારત સાથેના સંબંધો આર્થિક સમૃદ્ધિની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

આ અગાઉ પીએમ મોદીનો ૩ દિવસનો સેશેલ્સ પ્રવાસ ૨૯ જૂનના રોજ પૂર્ણ થયો હતો. જે હિંદ મહાસાગરમાં ભારતના વ્યૂહાત્મક જોડાણને મજબૂત કરવા પર કેન્દ્રિત હતો. પીએમ મોદી સેશેલ્સના ૫૦મા સ્વતંત્રતા દિવસ (રાષ્ટ્રીય દિવસ) ની ગોલ્ડન જુબિલી ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે સામેલ થયા હતા. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ડિજિટલ પેમેન્ટ, સ્પેસ, હેલ્થકેર, કૃષિ અને શિક્ષણ જેવા ક્ષેત્રોને આવરી લેતા ૧૯ મહત્વના કરારો અને પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે ભારત-સેશેલ્સના આગામી ૫૦ વર્ષ ઈનોવેશન, સસ્ટેનેબિલિટી અને સહિયારી સમૃદ્ધિ દ્વારા વ્યાખ્યાયિત થશે.

# હોર્મુઝમાંથી પસાર થયેલા ભારતીય જહાજ પર ભીષણ ગોળીબાર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાકથી લગભગ ૨૦ લાખ બેરલ ક્રૂડ ઓઈલ લઈ ભારત આવતા જહાજ પર ગોળીબારનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે.

એમટી સેનમાર હેરલ્ડ નામનું આ ઓઈલ ટેન્કર હોર્મુઝની ખાડીમાં ઈરાની જળવિસ્તારમાં હુમલાની ઝપેટમાં આવી ગયું હતું. તેના પર મોટાપાયા પર ગોળીઓ છોડતાં તેને નુકસાન થયું હતું. જો કે ચાલકદળની સૂઝબૂઝથી જહાજ હોર્મુઝની ખાડી સફળતાપૂર્વક પાર કરી ગયું હતું.સૌથી મોટી રાહત આપનારી વાત એ હતી કે તેમા કોઈ જાનહાનિ થઈ ન હતી. આ જહાજ પર ઈરાકનું બસરા હેવી ક્રૂડ અને બસરા હેવી ક્રૂડ ઓઈલ ટેન્કર લદાયેલું છે.

હવે આ ટેન્કર ઈરાની જળવિસ્તારમાંથી પસાર થઈ રહ્યુ હતુ ત્યારે તેના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ગોળીઓના છરા વાગતા જહાજના નિયંત્રણ કક્ષને નુકસાન થયું છે.આ હુમલાના પગલે તરત જ જહાજ અને તેમા સવાર લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખતા ક્રૂએ તેનો રુટ બદલી કાઢ્યો. જહાજમાં કેપ્ટન સહિત કુલ ૨૨ ક્રૂ મેમ્બર સવાર હતા. રુટ બદલ્યા પછી જહાજ બીજા કોઈપણ ભયનો સામનો કર્યા વગર ભારતીય કિનારે લાંગરવામાં સફળ રહ્યું.ઈઝરાયેલે સ્પષ્ટ કરી દીધું છે કે તેણે નો રિટર્ન પોલિસી અપનાવી છે. આ પોલિસી હેઠળ તે હવે તેના પર હુમલો થયો હોય તે વિસ્તાર પરથી કબ્જો કે અંકુશ છોડશે નહી. અગાઉ તેણે આ વિસ્તારો છોડયા હતા, પરંતુ તેના પછી તેના પર હુમલા બંધ થયા નથી. આ સંજોગોમાં ઈઝરાયેલ ગાઝા, લેબનોન અને સીરિયા જ્યાંથી તેના પર હુમલા થયા છે તેમા એક પણ સ્થળેથી તેનું લશ્કર પરત હટશે નહી. આમ તણે ઈરાનને સ્પષ્ટ જવાબ આપી દીધો છે.

### યૌન શોષણની જાહેરાતો અંગે સમન્સની તૈયારી

# ઈન્સ્ટાગ્રામના કારણે મેટા પર લાલચોળ થઈ સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની માલિકી ધરાવતું મેટા વધુ એક મુશ્કેલીમાં મુકાયું છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારને ફ્રોડ થવાની આશંકા જતાં વોટ્સએપના નવા 'યુઝરનેમ ફીચર'ને લૉન્ચ પહેલા જ અટકાવવાનો આદેશ આપ્યો હતો. હવે સરકારે ઈન્સ્ટાગ્રામ પર બાળકો સાથે જોડાયેલી વાંધાજનક જાહેરાતો મામલે મેટા પર મોટી કાર્યવાહી કરી છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે બાળકો સાથે જોડાયેલા વાંધાજનક જાહેરાતોને ગંભીરતાથી લઈને મેટાને જવાબ આપવા આદેશ કર્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, મંત્રાલય આવી જાહેરાતોને લઈને મેટા પાસેથી સ્પષ્ટ જવાબ માંગશે કે, ઈન્ટાગ્રામ પર વાંધાજનક જાહેરાતો કેમ દેખાડવામાં આવી અને તેને અટકાવવા માટે શું પગલા ભરવામાં આવ્યા? ઉલ્લેખનીય છે કે, વૉટ્સએપનું નવું 'યુઝરનેમ ફીચર' ભારે વિવાદમાં આવ્યું છે. આ ફીચરના કારણે ફ્રોડ થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે આશંકા વ્યક્ત કરીને લૉન્ચ પહેલા જ 'યુઝરનેમ ફીચર' અટકાવી દીધું છે. આ મામલે સરકારે મેટાને નોટિસ પણ ફટકારી છે. નોટિસમાં સ્પષ્ટ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે જો આ ફીચર ભારતમાં લાગુ થશે તો ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ એટેક, ડિજિટલ અરેસ્ટ જેવા ગુનાઓમાં વધારો થઈ શકે છે. સરકારે વોટ્સએપને કડક નિર્દેશ આપ્યો હતો કે સરકારની સંતોષકારક ખાતરી ન થાય ત્યાં સુધી આ ફીચરને રોકી દેવામાં આવે.વોટ્સએપે બુધવારે જાહેર કરેલા સત્તાવાર નિવેદનમાં આ ફીચરનો બચાવ કર્યો હતો.

# થાઈલેન્ડમાં ૧૧ વર્ષના બાળકે પિકઅપ ટ્રકથી બૌદ્ધ ભિક્ષુકોને કચડ્યા: ૯ના ભિક્ષુકોના કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગકોક

થાઈલેન્ડના ઉત્તર-પૂર્વીય વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ગુરુવારે એક ૧૧ વર્ષના સગીર બાળકે પૂરપાટ ઝડપે પિકઅપ ટ્રક ચલાવીને તીર્થયાત્રા પર પગપાળા જઈ રહેલા બૌદ્ધ ભિક્ષુકોના આખા જૂથને કચડી નાખ્યું હતું. આ ભયાનક અકસ્માતમાં ૯ બૌદ્ધ ભિક્ષુકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.આ દુર્ઘટના અંગે વિગતો આપતાં મુકદહન પ્રાંતના ગવર્નર વોરયાન બૂનનારતે જણાવ્યું હતું કે, મુકદહન પ્રાંતના કુલ ૩૫ બૌદ્ધ ભિક્ષુકોનું એક જૂથ પવિત્ર તીર્થયાત્રા પર નીકળ્યું હતું. અકસ્માત એટલો ભીષણ હતો કે ૫ ભિક્ષુકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૪ ભિક્ષુકોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ ઉપરાંત, અન્ય ૧૩ લોકોને



તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી ત્રણ ભિક્ષુકોની હાલત અત્યંત નાજુક હોવાનું મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે જાણવા મળ્યું છે. આ ભિક્ષુકોનું જૂથ ઉબોન રત્ચાથાની પ્રાંત સુધીની ૨૬૦ કિલોમીટર લાંબી પદયાત્રા પર નીકળ્યું હતું. હજુ તો યાત્રા શરૂ થયાને માંડ ૩૦ મિનિટ જેટલો સમય થયો હતો ત્યાં જ પાછળથી કાળ બનીને આવેલી ટ્રકે તેમને અડફેટે લીધા હતા. સ્થાનિક બચાવ જૂથ દ્વારા આ ઘટનાની વીડિયો પણ શેર કરવામાં આવ્યાં છે. ભિક્ષુકો રસ્તાની એક બાજુએ શાંતિથી લાઈનમાં ચાલી રહ્યા હતા. તે જ સમયે એક અનિયંત્રિત પિકઅપ ટ્રક રોડ પરથી નીચે ઉતરી જાય છે અને તેમને જોરદાર ટક્કર મારે છે. અકસ્માતમાં બચી ગયેલા ભિક્ષુકોએ પોલીસને જણાવ્યું કે વાહને અચાનક સંતુલન ગુમાવ્યું હતું અને તે લહેરાતું લહેરાતું સીધું તેમની સાથે અથડાયું હતું. આટલો મોટો અકસ્માત સર્જનાર પિકઅપ ટ્રકનો ડ્રાઈવર માત્ર ૧૧ વર્ષનો બાળક નીકળતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. સ્થાનિક પોલીસે અકસ્માત સર્જનાર સગીર છોકરાને કસ્ટડીમાં લઈ લીધો છે. થાઈલેન્ડના કાયદા અનુસાર આરોપી એક બાળક હોવાથી, બાળ સુરક્ષા અધિકારીઓની હાજરીમાં જ તેની કાયદેસર પૂછપરછ કરવામાં આવશે. સગીર વયના બાળકના હાથમાં આટલું મોટું વાહન કેવી રીતે આવ્યું અને અકસ્માત પાછળનું અસલી કારણ શું હતું ? તે દિશામાં સ્થાનિક પોલીસ ઊંડી તપાસ કરી રહી છે.



# તંત્રી લેખ......

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાની ધમાકેદાર શરૂઆત, ખેતરો બેટમાં ફેરવાયાં

ગુજરાતમાં જુલાઈના પ્રારંભે જ મેઘરાજાએ સૌરાષ્ટ્રભરમાં ધમાકેદાર બેટિંગ શરૂ કરી દીધી છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, રાજકોટ, અમરેલી અને ગીર સોમનાથમાં તોફાની વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અવિરત વરસાદના કારણે નદી-નાળા છલકાઈ ગયા છે અને અનેક નીચાણવાળા વિસ્તારો તેમજ ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૫ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની ચેતવણી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં પવનની ગતિ ૪૦થી ૫૦ કિલોમીટર રહેવાની શક્યતા હોવાથી વહીવટી તંત્રને પણ સજ્જ રહેવા આદેશ અપાયા છે. ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ- પ્રભાસપાટણ જોડિયા શહેરમાં મોસમના પ્રથમ વરસાદે જ વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખોલી દીધી છે. શહેરના સટાબજાર, સુભાષ રોડ, ગાંધી રોડ, અમરદીપ હોસ્પિટલ રોડ, એસ.ટી. રોડ, જૈન હોસ્પિટલ રોડ અને હાઉસિંગ સોસાયટી રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા લોકોને ભારે હાલાકી પડી રહી છે. સોમનાથ મંદિરના દિગ્વિજય દ્વાર પાસે પ્રભાસપાટણને જોડતા માર્ગ પર પણ પાણી ભરાતા યાત્રિકો અને સ્થાનિક રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે. વેરાવળના પ્રખ્યાત દુઃખ-દરિદ્ર ભંજન શિવ મંદિરમાં પણ પાણી ઘૂસી ગયા છે.તપેશ્વર મંદિર પાસે આવેલી જયહિંદ શેરીમાં ગટરોની સફાઈ ન થતાં વરસાદી પાણી રહેણાંક વિસ્તારમાં ઘૂસી ગયા હતા. વેરાવળના રેમ્બો સ્કૂલ નજીક માર્ગ પર ભરાયેલા પાણીના કારણે ખુલ્લી ગટર ન દેખાતા બે નાના બાળકોને સાયકલ પર લઈ પસાર થઈ રહેલા એક પિતા અચાનક ગટરમાં ખાબક્યા હતા. સુત્રાપાડાના કનેહર વિસ્તારમાં ખેતરો ચારે તરફ વરસાદી પાણીથી તરબોળ થઈને બેટમાં ફેરવાઈ ગયા છે.

તાલાલામાં ગાળિયાવડ રોડ ઉપર વરસાદ સાથે પવન ફૂંકાતા વૃક્ષની તોતિંગ ડાળ તૂટી પડી હતી, જેના કારણે વીજ પ્રવાહ બંધ કરવો પડ્યો હતો. જૂનાગઢ જિલ્લાના કેશોદ શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. કેશોદની જાણીતી નોળી નદી ભારે પાણીના પ્રવાહને કારણે બે કાંઠે વહેતી થઈ છે, જ્યારે સોંદરડા ગામ ખાતે આવેલો ડેમ સંપૂર્ણ ભરાઈ જતાં ઓવરફ્લો થયો છે.રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેરમાં બપોરના ૧૨ વાગ્યા બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. વરસાદ એટલો ધોધમાર હતો કે ૫૫૦૦ મીટર પછીની વિઝિબિલિટી ઘટી ગઈ હતી. ગોંડલ શહેરમાં વરસાદથી ગુંદાળા શેરીમાં પાણી વહેતા થયા હતા, જ્યારે ખોડિયાર નગરના રેલ્વે અંડર બ્રિજમાં પાણી ભરાતા વાહન વ્યવહાર અટવાયો હતો.

રાજકોટ-જેતપુર સિક્સ લેનની કામગીરી ચાલુ હોવાથી અને ગોંડલના જામવાડી નજીક હાઈવે પર સિંગલ પટ્ટી રોડ પર ડાયવર્ઝનના કારણે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જેથી વાહનચાલકો પરેશાન થયા હતા.જામનગરના જામજોધપુરના સમાણા, દલ દેવડીયા અને સડોદર સહિતના અનેક ગામોમાં ભારે વરસાદ પડ્યો છે. આ વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારો અને ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે.

## ખંભાતના ૬ યુવકો સાથે નેધરલેન્ડના વિઝાના નામે રૂપિયા ૧૦.૫૭ લાખની છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના શકરપુર ગામના ૬ યુવકોને ખંભાતના બે અને વડોદરાના એક શખ્સે ભેગા મળી નેધરલેન્ડના વર્ક પરમીટ વિઝા અપાવવાનું કહી યુવકો પાસેથી જુદી જુદી રકમ મળી રૂ ૧૦.૫૭ લાખ લઈને ઠગાઈ કરી હતી. જેમાં નાણાં પડાવી લઈને વિઝા નહીં અપાવી તેમજ નાણાં પણ પરત નહીં આપી છેતરપિંડી કર્યાની ફરિયાદ ખંભાત શહેર પોલીસમથકમાં નોંધાઈ છે. જેમાં આરોપી ખંભાત ભાજપના બે હોદ્દેદારો હોવાથી રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર ખંભાતના શકરપુર ગામે રહેતા માલવકુમાર ભુપેશભાઈ પટેલને મિત્ર દ્વારા જાણવા મળ્યું હતું કે, મોચીવાડ ખાતે એલઆઈસીની ઓફિસ ધરાવતા હિરેનગીરી દિલીપગીરી ગોસ્વામી નેધરલેન્ડ વર્ક પરમિટ વિઝાનું કામકાજ કરે છે અને તે અંગે સ્ટેટસ પણ મુક્યું છે. જેથી તેમનો સંપર્ક કરતા તેમણે ચિરાગ અરવિંદભાઈ ડોડિયા સાથે મુલાકાત કરાવી હતી અને નેધરલેન્ડના વર્ક પરમિટ વિઝા માટે ૬ લાખ ખર્ચો થશે, રહેવા-જવાનું કંપની તરફથી અને કંપનીના વેર હાઉસમાં કામ કરવાનું રહેશેનું જણાવ્યું હતું. જે પેટે ૧.૫૦ લાખ એડવાન્સમાં આપવાના રહેશે, વિઝા આવ્યા બાદ ૫૦ હજાર અને બાકીની રકમ નેધરલેન્ડ ગયા બાદ પગારમાંથી આપવાની શરત મૂકી હતી.જેથી માલવકુમાર અને મિત્ર સૌરવ મુકેશભાઈ પટેલ તેમજ તેનો ભાઈ વિવેક નેધરલેન્ડ જવા માટે તૈયાર હતા. તેઓએ હિરેનગીરી અને ચિરાગને મળીને માંગેલી રકમ તેમજ વિઝાને લગતા જરૂરી દસ્તાવેજો આપ્યા હતા. ત્યારબાદ તેમણે થોડા સમયમાં વિઝા આવી જશેનું જણાવ્યું હતું. ઈન્કવાયરી કરતા તેમણે વડોદરાના દિવ્યેશભાઈ દિલીપભાઈ પટેલની ઓળખાણ કરાવી હતી અને તેઓને વિઝાનું કામ સોંપ્યું હોવાનું જણાવીને ખંભાત આવી કરાર કરીને જો વિઝા ના થાય તો પૈસા પરત કરવાનું જણાવ્યું હતું. થોડા સમય બાદ પણ વિઝા ના આવતા તપાસ કરતા ઉક્ત ત્રણેય શખ્સોએ પણ રીતીક નિમેષભાઈ પટેલ, કુણાલ હસમુખભાઈ પટેલ અને હર્ષ દિલીપભાઈ પટેલ પાસેથી પણ નેધરલેન્ડના વર્ક પરમિટ વિઝાના બહાને પૈસા લીધાનું જાણવા મળ્યું હતું. તમામ પાસેથી કુલ ૧૦.૫૭ લાખ મેળવી લઈને વિઝા અપાવ્યા નહોતા જેથી પૈસા પરત માંગતા ના આપતા આ અંગે ખંભાત શહેર પોલીસે ત્રણેય વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.નોંધનીય છે કે, ખંભાતનો હિરેનગીરી ગોસ્વામી તે આણંદ જિલ્લા ભાજપા યુવા મોરચાનો મહામંત્રી છે.

## સુરતના જાણીતા લોકપ્રિય રાજુ મહારાજને બેસ્ટ જ્યોતિષાચાર્યનો દિલ્હી ખાતે એવોર્ડ મળતા સગા સંબંધીઓ, મિત્રો અને સેવકોમાં આનંદની લહેર




(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના જાણીતા લોકપ્રિય જ્યોતિષાચાર્ય રાજુ મહારાજને દેશના પાટનગર નવી દિલ્હી ખાતે બેસ્ટ જ્યોતિષાચાર્યનો એવોર્ડ આપવામાં આવેલ છે.

સુરત અને ગુજરાત અને મહારાષ્ટ્ર અને જુદા જુદા શહેરોમાં અનેક શિષ્યો ધરાવતા રાજુ મહારાજ જ્યોતિષશાસ્ત્રમાં નિપૂણ છે. તેઓની સલાહ અને માર્ગદર્શનથી અનેક પરિવારો સુખભેર જિંદગી જીવી રહ્યા છે.

શાંત અને સરળ સ્વભાવ વાળા રાજુ મહારાજને મળતા લોકોમાં આનંદ અને ઉત્સાહ વધી જાય છે. તેઓના માર્ગદર્શન અને જ્યોતિષશાસ્ત્રના પ્રતાપે લોકોના દુઃખ દર્દ મટી જાય છે. તેઓને બેસ્ટ જ્યોતિષાચાર્ય તરીકેનો એવોર્ડ મળતા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રમુખ જાણીતા સામાજિક કાર્યકર ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ છગનલાલ મેવાડા, મહામંત્રી સઈદુદ્દીન શેખ, મહામંત્રી કાંતિભાઈ સોલંકી, મહામંત્રી શ્યામભાઈ ટેનિયા, મહામંત્રી રવિ કુમાર સુરતી, કાર્યકારી પ્રમુખ હસમુખભાઈ પટેલ, એડવોકેટ અને ઉદ્યોગપતિ ડી.સી સોલંકી ( અંકલેશ્વર), એડવોકેટ બીપીનભાઈ રાઠોડ (નવસારી), એડવોકેટ અને નોટરી અશ્વિનભાઈ વૈષ્ણવ, એડવોકેટ મહેન્દ્ર સોલંકી વિગેરે જ્યોતિષ શ્રી રાજુ મહારાજને બેસ્ટ જ્યોતિષાચાર્ય નો એવોર્ડ મળવા બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી છે. ટૂંક સમયમાં રાજુ મહારાજની અનુકૂળતા મુજબ સુરત ખાતે સન્માન સમારંભ યોજવામાં આવશે.

### નાસીર નગરના ભુતિયા ડિમોલિશન મામલે

## સુરત મહાનગરપાલિકા દ્વારા કુલડીમાં ગોળ ભાંગવા સાથે મગરમચ્છોને સેફ ઝોનમાં મૂકીને પ્રજાની આંખમાં ધૂળ નાંખવાનું ષડયંત્ર?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના નાસીનગરમાં થયેલા ભુતિયા ડિમોલિશનનો મામલો હવે જ્યારે ટોક ઓફ ધ ટાઉન બનીને ચર્ચાસ્પદ બની રહ્યો છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત હાઈકોર્ટની આંખોમાં ધૂળ નાંખવાની મેલી મુરાદનો પર્દાફાશ થઈ રહ્યો છે. અને સૌથી મહત્વનો એક સવાલ એ ઉભો થઈ રહ્યો છે કે, જે ડિમોલિશન કરાયું હતું એ કોના આદેશોથી કરાયું હતું? એનો આજ દિન સુધી કોઈ યોગ્ય અને સચોટ જવાબ SMC અધિકારીઓ કે પોલીસ ખાતાના કોઈ ઉચ્ચ અધિકારીઓ આપી શક્યા નથી.

ત્યારે સૌ પ્રથમ સવાલ થાય કે લશ્કર ને ક્યાં લડવા મોકલવુ? એ સેનાપતિએ નક્કી કરવાનું હોય છે નહીં કે લશ્કરે? ત્યારે શું સેનાપતિની આજ્ઞા કે પરમિશન વગર કોઈ લશ્કર ક્યારેય દુશ્મન રાજ્ય ઉપર હુમલો કરી શકે નહીં. ત્યારે અહીં તો સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને ખબર જ નથી કે વેડરોડ નાસીર નગર નામના સુરતના એક વિસ્તારમાં ૧૫૦ ઉપરાંત કાચા પાકા મકાનો તોડીને રહેવાસીઓને રઝળતા કરાયા છે? એવી એફિડેવીટ ગુજરાત હાઈકોર્ટમાં મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, મારી જાણ બહાર આ ડિમોલિશન કરાયું છે.

એવું જ પોલીસના ઉચ્ચ અધિકારી એટલે કે શહેર પોલીસ કમિશનરને ખબર જ નથી એમની સાથે સીધી રીતે સંકળાયેલી અને પોલીસ કમિશનરની સૂચના વગર આગળ પગલું નહીં ભરી શકતી એવી SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ના DCP નકુમ ખુદ જાતે ઊભા રહી રહીશોને ઘરની બહાર નીકળવાની સૂચના આપી ડિમોલિશન કરનારાઓને પ્રોટેક્શન આપી હતી. એવી આ ડિમોલિશન ના મામલે હવે એટલી હદે પેચીદો બની રહ્યો છે કે રાજ્ય સરકાર માં બેઠેલા ખંધા નેતાઓએ તાત્કાલિક ધોરણે એમના વહાલા અને ગુડ બુકમાં નામ ધરાવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓને બચાવવાના પેંતરા ના ભાગરૂપે હાઈકોર્ટમાં હાજર થવાની તારીખો પહેલા શહેર પોલીસ કમિશનરની અમદાવાદ ખાતે બદલી કરાઈ તો વળી DCP નકુમને એકાએક IPS અધિકારી બનાવીને આ બેજવાબદાર અધિકારીઓને બઢતી સાથે બદલી કરી નંખાઈ ને ગરીબોના ગાલ પર તમાચો મારવાનું "પાપ" રાજ્ય સરકારે કર્યું છે.

આ મોટા મગરમચ્છો ને બચાવવા સુરત મહાનગરપાલિકાના જે પાંચ કર્મીઓને સસ્પેન્ડ કરાયા છે એ પણ એટલા જ જવાબદાર છે કે જેઓ એ આજ સુધી મગનું નામ મરી નહીં પાડી ને સાચા ખેલાડી નો પર્દાફાશ નથી કર્યો. સમગ્ર ભૂતિયા ડીમોલીશનની જે રીતે કામગીરી કરવામાં આવી છે એ જોતા બિલ્ડર, ટોરેન્ટ પાવર, SMC અને પોલીસ એમ ચંડાળ ચોકડીએ ભેગા થઈને ભજવેલી ભૂતિયા ડિમોલિશનની કામગીરીને કારણે આજે ૧૫૦ પરિવારો સામા ચોમાસા એ રોડ ઉપર આવી ગયા છે.

આ સમગ્ર ઘટનામાં માત્રને માત્ર ગોળ ગોળ વાત જ કરાઈ છે. કોઈ નક્કર કે સ્પષ્ટ બાબત નથી. શહેર પોલીસ કમિશનર કે નથી મહાનગરપાલિકા કમિશનર રજૂ કરી રહ્યા એથી મામલો વધુ ગૂંચવાયેલો છે. જ્યાં કોઈ કહેતા કોઈ એ બાર દિવસ સુધી જવાબદારી લેવાની હિંમત રાખી જ નહીં અને આખરે સીટ નીચે રેલો આવતા વાહિયાત બચાવ કરી જાહેર જનતાની આંખમાં ધૂળ નાખવાના નાટકો શરૂ થઈ રહ્યા છે.

બીજી એક મહત્વની બાબત એ છે કે ડિમોલિશન થયું તે વિસ્તાર કયા ઝોનમાં આવે છે? ઉત્તર કે મધ્ય ઝોનમાં એ પણ ખુલાસો રાજ્ય સરકાર કરી શકી નથી. હાલમાં તો સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓ તો ઘેર આરામ કરશે. અને તપાસ વર્ષો સુધી ચાલશે. એટલું જ નહીં સુરત મહાનગરપાલિકાના કેટલાક અધિકારીઓએ એકલા આવું કર્યું હોય એ માની શકાય તેમજ નથી. આ સમગ્ર કૌભાંડમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર કરતા પણ ઉચ્ચ લેવલના અધિકારી મારફતે તપાસની જરૂર જણાય છે ત્યારે જ ખરા ખેલાડીઓનો પર્દાફાશ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે જે પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે એમણે એક મહિના દરમિયાન જણાવ્યું હતું કે અમે ઉપરી અધિકારીનું નામ બતાવીશું પરંતુ કોઈ અગમ્ય કારણોસર એમણે નામ ના બતાવ્યું. કારણ કે ઉપરી અધિકારી સુધી પરસેવો છૂટી રહ્યો હતો. અને એને કારણે જ ત્રણ ત્રણ વખત એમનો સસ્પેન્શન રોકાઈ ગયું હતું કારણ કે ઉપરી અધિકારીઓ સુધી બધાને જ મોટા પ્રોબ્લેમ ઊભો થઈ રહ્યા હતા.

કારણ કે સામાન્ય રીતે ડિમોલિશન સમયે જે તે પોલીસ સ્ટેશનની હદમાં ડિમોલિશન કરવાનો હોય એ પોલીસ સ્ટેશનના અધિકારીનો સ્ટાફ બંદોબસ્તમાં રહેતો હોય છે. એને બદલે SOG ના DCP જાતે જ ઉભા રહી ડિમોલિશન કરાવે એ જ બતાવે છે કે આમાં બિલ્ડર લોબી, ટોરેન્ટ પાવર અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને સુરત મહાનગરપાલિકાના મોટા માથાઓના ઈશારે કરાયેલા આ ડિમોલિશનમાં જોવાની ખૂબી એ છે કે હજુ સુધી કોઈ બિલ્ડર કે ટોરેન્ટ પાવરના કોઈ વ્યક્તિ ઉપર કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં નથી આવી. આવી એ જ બતાવે છે કે નીચેના અધિકારીઓને બલિના બકરા બનાવી મોટા મગરમચ્છો ને બચાવવાના ખેલના ભાગરૂપે રાતોરાત પોલીસ કમિશનરની બદલી અને બહુ ગાજેલા DCP નકુમને IPS અધિકારીનો હોદ્દો એ થોડામાં ઘણું બધું કહી જાય છે ત્યારે હવે જોવાનું એ છે કે આવનારા સમયમાં આ કેસમાં કોનો પર્દાફાશ થાય છે એ જ જોવું રહ્યું.

## સુરત શહેર પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર, ટોરેન્ટ પાવર સહિત બિલ્ડર સામે FIR દાખલ કરો

(છગનલાલ મેવાડા ધ્વારા)

પોલીસ બંદોબસ્ત માટેની અરજી પોલીસ કમિશનર સુધી મંજૂરી માટે જાય છે ત્યારે નાસીર નગર ડિમોલિશનની બંદોબસ્તની ફાઈલ પોલીસ કમિશનર સુધી પહોંચી કે નહીં? સામાન્ય રીતે ડિમોલિશનના જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાંથી પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવે છે. તો નાસીર નગર માટે SOG નો સ્પેશિયલ બંદોબસ્ત કેમ? ખરેખર મહાનગરપાલિકા કમિશનર અજાણ હતા તો પછી ખોટા નિવેદનો કેમ આપ્યા? સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ મ્યુનિસિપલ કમિશનરની કે ઝોન ચીફની મંજૂરી વગર દોડી જાય એ એટલા મૂર્ખ તો નથી જ.

### ચુંટણીમાં હરાવી ન શકયા એટલે કોર્ટના રસ્તે હરાવવાનો પ્રયાસ :

## ચૈતર વસાવા મુદ્દે મુખ્યમંત્રી અને ડે.મુખ્યમંત્રી સામે ગોપાલ ઈટાલીયાના ગંભીર આક્ષેપ




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજપીપળામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે જોડાયેલા કેસને લઈને ભાજપ સરકાર અને રાજયના ઉચ્ચ નેતાઓ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ચૈતર વસાવાને રાજકીય રીતે નબળા પાડવા અને આદિવાસી સમાજના ઉદયમાન નેતૃત્વને રોકવા માટે તેમને ખોટા કેસોમાં ફસાવવામાં આવ્યા છે.

ગોપાલ ઈટાલીયાએ દાવો કર્યો કે ચૈતર વસાવાની લોકપ્રિયતાના કારણે નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીને મજબુત રાજકીય આધાર મળ્યો હતો અને સ્થાનિક સ્તરે સત્તા સ્થાપિત કરવામાં સફળતા મળી હતી. તેમણે વધુમાં કહ્યુ હતુ કે રાજકીય રીતે ચૈતર વસાવાને હરાવવામાં નિષ્ફળ ગયા બાદ હવે કાયદાકીય પ્રક્રિયાનો ઉપયોગ કરીને તેમને નિશાન બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૨૨ દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ દ્વારા ચૈતર વસાવાને ભાજપમાં સામેલ કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો કે જયારે આ પ્રયાસો સફળ થયા નહી અને ચુંટણીમાં પણ ચૈતર વસાવાને હરાવી શકયા નહી, ત્યારબાદ રાજકીય ષડયંત્રના ભાગરૂપે તેમની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઈટાલીયાના જણાવ્યા અનુસાર ચૈતર વસાવાની લોકપ્રિયતા આદિવાસી વિસ્તારોમાં સતત વધી રહી હતી. તેના કારણે ભાજપ માટે રાજકીય પડકાર ઉભો થયો હતો.

ગોપાલ ઈટાલીયાએ આરોપ લગાવ્યો કે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના ઈશારે કાર્યવાહી કરવામાં આવી હોવાનુ હાઈકોર્ટમાં સરકારી વકીલ દ્વારા જણાવાયુ હોવાનુ તેઓ માને છે. તેમણે કહ્યુ કે આ મુદ્દો ગંભીર છે, કારણ કે જો સરકારના ઉચ્ચસ્તરે સુચનાઓ આપવામાં આવી હોય તો તે ન્યાયતંત્રની સ્વતંત્રતા અંગે અનેક પ્રશ્નો ઉભા કરે છે. ઈટાલીયાએ એવો પણ દાવો કર્યો છે કે ચૈતર વસાવા અને તેમના સમર્થકોને ખોટા કેસોમાં ફસાવવામાં આવ્યા હોવાનુ હવે સ્પષ્ટ થઈ રહ્યુ છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતાઓ કોર્ટની પ્રક્રિયામાં પણ હસ્તક્ષેપ કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે કેસમાં સામેલ દરેક આરોપીની ભુમિકા અલગ હોવાથી અલગ અલગ વકીલો દ્વારા જુદી જુદી અપીલો કરવામાં આવી છે.

## અમદાવાદમાં ભદ્ર કોર્ટનો આસી.કલાર્ક રૂ.૧૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદની ભદ્ર કોર્ટમાં ફરજ બજાવતો આસી. કલાર્ક એસીબીના શંકાજામાં આવી ગયો છે. ન્યાયમંદિરમાં જ ભ્રષ્ટાચારનો આ ખેલ પ્રકાશમાં આવતા કાનુની આલમમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

એક જાગૃત નાગરીકની ફરીયાદના આધારે એસીબીની ટીમે નારણપુરા વિસ્તારમાં સફળ ટ્રેપ ગોઠવીને આ લાંચીયા કર્મચારીને દબોચી લીધો છે. મળતી માહિતી મુજબ ભદ્ર કોર્ટના આ આસી. કલાર્કે અરજદારના પક્ષમાં કાનુની કેસનો ચુકાદો અપાવવા અને જરૂરી વહિવટી પ્રક્રિયા ઝડપી કરવા માટે રૂપીયા ૧૦ હજારની લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલીક એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરીયાદના આધારે એસીબીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ નારણપુરા ખાતે એક ચોકકસ વ્યુહ રચના સાથે છટકુ ગોઠવવામાં આવ્યુ હતું. જેવી કલાર્કે લાંચની રકમ સ્વીકારી કે તુરંત જ સંતાઈને બેઠેલી એસીબીની ટીમે તેને રંગે હાથ ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે એસીબીની કડક લાલઆંખ હોવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે.

## પાલનપુરની ૬ આંગડિયા પેઢીમાં ચોરી કરનારા ૩ને મુંબઈથી ઝડપી પાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

પાલનપુરના ગુરુનાનક ચોક નજીક આવેલી 6 આંગડીયા પેઢીઓ તથા ID કાર્ડ મેકર નામની દુકાનોનાં તાળાં તોડી ચોરી કરનાર શૈતાન ગેન્ગના મુખ્ય સૂત્રધાર સહિત કુખ્યાત 3 આરોપીઓને બનાસકાંઠા LCBએ મુંબઈથી ઝડપી પાડી તેમની પાસેથી રોકડ તેમજ ગુનામાં વપરાયેલા હથિયારો સહિત રૂ. 2,32,300નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરના ગુરુનાનક ચોક વિસ્તારમાં આવેલી પી.શૈલેષ એન્ટરપ્રાઈઝ, અંબાલાલ હરગોવનદાસ, માધવલાલ મગનલાલ નામની અલગ અલગ 6 આંગડીયા પેઢીઓ તથા ID કાર્ડ મેકર નામની દુકાનોના તાળાં તોડી તેમાંથી કુલ રૂ. 3.95 લાખની ચોરી થઈ હતી. આ ગુનો શોધી કાઢવા LCBની અલગ-અલગ ટીમો બનાવી નેત્રમ કમાન્ડ કંન્ટ્રોલના CCTV, પાલનપુર શહેર આજુબાજુ 20 થી 25 કિ.મી.ના વિસ્તારમાં આવેલા 200થી વધારે CCTV તથા હોટેલ ધાબા, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન વગેરે ચેક કરી લીડ મેળવતા ચોરી ત્રણ જણાએ કરી હોવાનું જણાયું હતું. જે ચોરી રાજસ્થાન રાજયના સાંચોરની આંતરરાજ્ય શૈતાન ગેન્ગના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ જણા હોવાનું તપાસમાં ખુલતાં તેમના વિશે ટેકનીકલ વર્ક આઉટ કરતાં તેઓ આ ગુનો આચરી મુંબઈ તરફ નાસી ગયા હોવાની લીડ મળી હતી. જેથી જે.એસ.ગઢવી PSIની આગેવાની હેઠળ એક ટીમને મુંબઈ મોકલીને ટીમ દ્વારા ટેકનિકલ તથા હ્યુમન સોર્સ દ્વારા મુંબઈમાંથી શૈતાન ગેન્ગના મુખ્ય સૂત્રધાર શૈતાનસિંહ જશવંતસિંહ રાજપુત (રહે. પાલડી, સાંચોર, રાજસ્થાન), દીલીપગીરી જીવગીરી ગોસ્વામી (રહે. કૈલાશનગર, સાંચોર, રાજસ્થાન) તથા ભરતકુમાર બાબુલાલ રાજપુરોહિત (રહે.ખીરૂડી, તા. ચીતલવાના, રાજસ્થાન) ને ઝડપી લેવામાં આવ્યા હતા.


### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
### ઉત્તર પશ્ચિમ ઝોન – ઈજનેર ખાતુ
### શોર્ટ ટેન્ડર નોટીસ નં.- ૩/ ૨૦૨૬-૨૭

ઉત્તર પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડમાં આવેલા જુદા જુદા રોડ ઉપરના પોટ હોલ્સ રીપેર કરવા માટે કોલ્ડ ઈમલ્શન ઈંજેક્શન પોટહોલ્સ પેચીંગ મશીન ટેકનોલોજીથી રોડ પેચીંગ વર્ક વીથ જેટ પેચરથી પેચવર્ક કરવાના કામ.

ઓનલાઈન સબમીશન ની તારીખ : ૧૭/૦૭/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધી

ઈ.એમ.ડી., ટેન્ડર ફી અને અન્ય ડોક્યુમેન્ટ સબમીટ કરવાની તારીખ : ૧૮/૦૭/૨૦૨૬ સમય ૧૭:૦૦ કલાક સુધી

ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ : ૨૦/૦૭/૨૦૨૬ સમય ૧૨:૦૦ કલાક સુધી

ટેન્ડર અને તેની વિગતો www.amc.nprocure.com ઉપર ઉપલબ્ધ છે.



### પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**પાર્સલ સ્પેસ લિઝ પર આપવા માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન પર થી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવા માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. કેટલોગ પહેલે થી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરી દેવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI-12-26 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ વાન | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૭-૦૭-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે શરૂ થશે. |

નોંધઃ પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે.

ADI-087

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



### પશ્ચિમ રેલ્વે દ્વારા અમદાવાદ ⇌ પટના વચ્ચે સ્પેશ્યલ ટ્રેનની મુસાફરી લંબાવશે.

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંત | ચલાવવાના દિવસ | ચલાવવાની તારીખ |
|---|---|---|---|
| 09447 | અમદાવાદ - પટના | બુધવાર | 08.07.2026 |
| 09448 | પટના - અમદાવાદ | શુક્રવાર | 10.07.2026 |

સમય, સ્ટોપ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 09447 ની વિસ્તૃત મુસાફરી માટે બુકિંગ તા.04.07.2026 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. આ ટ્રેન સ્પેશ્યલ ભાડા સાથે એક સ્પેશ્યલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખો.



ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
# ધ સેમિકંડક્ટર હબ

## સેમિકંડક્ટર ઉદ્યોગ બન્યાં સાણંદની આગવી ઓળખ



## સેમિકંડક્ટર ક્ષેત્રે ગુજરાતે સર્જ્યો ઈતિહાસ



- સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે **₹1.24 લાખ કરોડ**નું રોકાણ આકર્ષિત કર્યું છે
- રાજ્યમાં **50,000**થી વધુ **પ્રત્યક્ષ** અને **પરોક્ષ** રોજગારીની તકો ઊભી થશે
- દેશમાં સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર પ્રથમ રાજ્ય બન્યું **ગુજરાત**
- **ધોલેરા SIR**માં 28 નેનોમીટરની ચિપ્સના ઉત્પાદનથી ભારતને નવી ઔદ્યોગિક ઓળખ મળશે
- ધોલેરા **'સેમિકંડક્ટર-રેડી'** સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત થશે
- IIT ગાંધીનગર ખાતે **₹194.21 કરોડ**ના ખર્ચે કાર્યરત **'SAMARTH'** પ્રોજેક્ટ હેઠળ આગામી **5 વર્ષમાં 2,600થી વધુ નિષ્ણાત એન્જિનિયરો** તૈયાર થશે

માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે; સાણંદ હવે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ નૂતન ભારતના **'સેમિકંડક્ટર સેક્ટર'**નો પર્યાય બનવા જઈ રહ્યું છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# ગુજરાતના પૂર્વ ડીજીપીના પુત્ર સાથે રાજકોટના શખ્સે રૂ.૩૭ લાખની કરી ઠગાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પૂર્વ ડીજીપી શબ્બીર ખંડવાવાલાના પુત્રે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે રાજકોટના એક સ્ટીલ વેપારીએ તેમને ૩૭ લાખ રૂપીયાની ઠગાઈ કરી છે. આરોપી ઋષીકેશ મહેતાએ પહેલાના વ્યવસાયીક સંબંધોના આધારે વિશ્વાસ જીત્યા બાદ પેમેન્ટ ન કરવુ અને તેમની ઓફીસ બંધ કરી દેવાનો આરોપ છે.




ફરીયાદ અનુસાર ૪૮ વર્ષીય આફતાબ ખંડવાવાલા મીઠાખડીમાં મેટલ મેન્યુફેકચરીંગ કંપની ચલાવે છે. તેમણે ૧૬ મે ૨૦૨૫ થી ૯ જાન્યુઆરી ૨૦૨૬ વચ્ચે આરોપીને ૧ કરોડ રૂપીયાથી વધુનુ એલોય સ્ટીલ સપ્લાય કર્યુ હતું. આરોપી શરૂઆતમાં કમિશન એજન્ટ તરીકે આવ્યા હતા અને કંપનીના સ્ટીલને વિવિધ વેપારીઓને વેચવામાં સફળ રહ્યા હતા. સમયસર પેમેન્ટ કરવાથી તેમણે વિશ્વાસ જીત્યો હતો. વિશ્વાસ જીત્યા બાદ મહેતાએ પોતાની કંપની આર પી સ્ટીલ શરૂ કરી હોવાનુ કહીને સીધા સ્ટીલ ખરીદવાનો પ્રસ્તાવ મુકયો હતો. આફતાબની કંપનીએ આરોપીના આધારકાર્ડ, પાનકાર્ડ તપાસ્યા અને અન્ય વેપારીઓનો સંપર્ક કરીને પુષ્ટી કરી હતી. ત્યારબાદ ૧.૦૧ કરોડ રૂપીયાનુ સ્ટીલ સપ્લાય કરવામાં આવ્યુ છે. આમાંથી ૬૪.૫ લાખ રૂપીયા પેમેન્ટ થયા પરંતુ ૩૬.૭ લાખ રૂપીયા બાકી રહી ગયા છે.


વારંવારની વાતચીત છતાં પેમેન્ટ ન થતા રાજકોટની ઓફીસ ખાલી કરી દેવાઈ હોવાનુ જાણવા મળ્યુ, આ ઓફીસ ભાડાની હતી અને રાજકોટ તેમજ ગોંડલના અનેક વેપારીઓએ તેમની સામે સમાન ફરીયાદો કરી છે. નવરંગપુરા પોલીસે આરોપીઓ સામે ઠગાઈ અને ક્રિમિનલ બ્રિચ ઓફ ટ્રસ્ટની કલમો હેઠળ કેસ નોંધ્યો છે. આ ઘટના વ્યવસાયીક વ્યવહારમાં વિશ્વાસ અને ચકાસણીના મહત્વને ફરી એકવાર ઉજાગર કરે છે.

### નાના બાળકોના મગજમાં રાજનીતી ઘુસાડવાનો પ્રયાસ :

## શાળાઓમાં બાળકોને ભાજપ અને એબીવીપી ના સભ્ય બનાવવામાં આવતા હોવાનો પૂર્વ ધારાસભ્ય ઋત્વીક મકવાણાનો ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લાના શૈક્ષણિક આલમમાંથી એક મોટો વિવાદ બહાર આવ્યો છે. શાળામાં અભ્યાસ કરતા સગીર વયના બાળકોને રાજકીય પક્ષના સભ્ય બનાવવામાં આવી રહ્યા હોવાનો એક સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો છે. ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વીક મકવાણાએ ભાજપ અને એબીવીપી ના કાર્યકરો પર ગંભીર આક્ષેપો કરતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.




પૂર્વ ધારાસભ્ય ઋત્વીક મકવાણાએ જણાવ્યુ હતુ કે રાજકીય પ્રેસર અને સત્તાના જોરે શાળામાં ભણતા નાના બાળકો અને વિદ્યાર્થીઓના મગજમાં અત્યારથી જ રાજનીતી ઘુસાડવામાં આવી રહી છે. તેમણે ચિંતા વ્યકત કરતા કહ્યુ કે ચાલુ વરસે દેશમાં અંદાજે ૧ લાખ જેટલી સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે. શિક્ષણનુ સ્તર સુધારવાને બદલે હવે ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા નિર્દોષ વિદ્યાર્થીઓને પક્ષના સભ્ય બનાવીને તેમના ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે.

## અમદાવાદમાં ૧૪૯ મી જગન્નાથ રથયાત્રામાં જોડાશે ૧૦૧ થીમ આધારીત ટ્રકોઃ રૂ.૧.૧૦ કરોડના ખર્ચે થશે ભવ્ય શણગાર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં ૧૪૯ મી જગન્નાથ રથયાત્રાનો ભવ્ય આયોજન થઈ રહ્યુ છે. આ ત્યારે ભગવાન જગન્નાથની રથયાત્રામાં ચાલુ વરસે ટ્રક એસોસીએશનની ૧૦૧ ટ્રક નોંધાઈ છે. જયાં દર વર્ષની જેમ આ વરસે પણ ભગવાન જગન્નાથની રથયાત્રામાં ભકિતની સાથે સાથે લોક સંદેશ આધારીત થીમ થી ટ્રકોને શણગાર કરવામાં આવશે.



આ તમામ ટ્રકોને શણગાર કરવા પાછળ અંદાજીત રૂ.૧.૧૦ કરોડથી વધુ ખર્ચો થશે. ૧૪૯ મી જગન્નાથ રથયાત્રામાં થીમ આધારીત ટ્રકો પર રામ મંદિર, જગન્નાથ મંદિર, વિશ્વ યુદ્ધના ગંભીર પરીણામો, પેટ્રોલ ડીઝલ બચાવો જેવા લોક જાગૃતિના વિષયો હશે. જેને ટ્રકો પર શણગાર કરીને જીવંત કરાશે, રથયાત્રા દરમિયાન ભકતોને ૧૦ હજાર કિલો મગ-જાંબુ અને આશરે ૧૦ હજાર કિલો ચોકલેટનુ વિતરણ પ્રસાદ સ્વરૂપે કરાશે, ભગવાનનો પ્રસાદ લેવા માટે શ્રધ્ધાળુઓ પહોચશે. શ્રધ્ધાળુઓને પ્રસાદ મળી રહે તે માટે વિવિધ ટ્રકોમાં પ્રસાદ વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવશે, ત્યારે ટ્રક એસોસીએશને પોતાના આયોજનમાં ચાલુ વરસે ફરી એક મહત્વનો બદલાવ કર્યો છે. ટ્રાફીક વ્યવસ્થાને ધ્યાને રાખીને તમામ ટ્રકોને સવારે ૩ વાગ્યા થી જ લાઈનમાં ગોઠવી દેવાશે. આ નિર્ણયથી પ્રસાદ વિતરણનુ સંચાલન ખુબ જ સરળ અને સુયોગ્ય બનશે , તેમજ રથયાત્રા સમયસર આગળ વધે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે.

## સુરતના નાસીરનગર ડીમોલેશન કેસમાં હાઈકોર્ટે વિસ્થાપિતોના હિતમાં આપ્યો ચુકાદોઃ વિસ્થાપિતોએ ફટાકડા ફોડી કરી ઉજવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના નાસીરનગર ડીમોલેશન મામલે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો આદેશ આપતા વિસ્થાપિત પરીવારોને મોટી રાહત આપી છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે જયાં પહેલા મકાનો હતા ત્યાં ફરીથી મકાનો બનાવી આપવામાં આવે અથવા તો અસરગ્રસ્ત પરીવારો માટે વૈકલ્પિક રહેવાની વ્યવસ્થા તાત્કાલીક કરવામાં આવે. હાઈકોર્ટના આ આદેશ બાદ છેલ્લા એક મહિનાથી આશ્રયસ્થળ માં રહેતા પરીવારોમાં ખુશીની લહેર જોવા મળી હતી.




કોર્ટના આદેશના સમાચાર મળતા જ કોમ્યુનીટી હોલમાં આશરો લઈ રહેલા વિસ્થાપિતોએ ફટાકડા ફોડીને પોતાની ખુશી વ્યકત કરી હતી. નાના બાળકોથી લઈને મહિલાઓ અને વૃધ્ધો સૌ કોઈ આ ઉજવણીમાં જોડાયા હતા. આ લડતને સફળ બનાવનાર એડવોકેટ ધવલ રાણા અને તેમની કાયદાકીય ટીમને લોકોએ ઉમળકાભેર વધાવી લીધી હતી. દરેક સુનાવણીમાં મકકમતાથી પુરાવા રજુ કરનાર વકીલોની ટીમને લોકો તરફથી અભુતપુર્વ સમર્થન અને આભાર મળ્યો હતો. હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન અને રાજય સરકારની કામગીરી સામે કોર્ટે ભારે નારાજગી વ્યકત કરી હતી. કોર્ટે ડીમોલેશનની કાર્યવાહીને ગેરકાયદે ગણાવીને તંત્રને અનેક તીક્ષ્ણ સવાલો કર્યા હતા.

કોર્ટે પુછયુ હતુ કે આ ડીમોલેશન કોના કહેવાથી થયું ? કોઈ જવાબદાર અધિકારીના આદેશ વગર આટલુ મોટુ ડીમોલેશન શકય જ નથી. તેમણે ઉમેર્યુ હતુ કે પોલીસે આ ઘટનામાં કેમ ફરીયાદ ન લીધી ? ડીમોલેશન માટેની વાત હતી તો ડીમોલેશન કઈ રીતે થયું ? સ્થળ પર હાજર હોવા છતાં પોલીસ કેમ એકિટવ ન હતી ? અધિકારીઓને માત્ર સસ્પેન્ડ કરવા એ કોઈ નિષ્કર્ષ નથી. કોર્ટે સ્પષ્ટ કહ્યુ કે આ મામલે કડક કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. કોર્ટે નોંધ્યુ કે આ એક માત્ર કિસ્સો હોય તેવુ નકારી શકાય નહી, એક મહિના સુધી ફરીયાદ ન લેવાવી એ તંત્રની ગંભીર બેદરકારી દર્શાવે છે.

ગુજરાત હાઈકોર્ટે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વધુ સુનાવણી ૯ જુલાઈના રોજ નકકી કરી છે. આગામી સુનાવણીમાં કોર્ટે મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે સુરત મ્યુનિસીપલ કમિશ્નરે ડીમોલેશનના તથ્યો અને ઘટના અંગે વ્યકિતગત એફીડેવીટ જમા કરાવવી પડશે. વિસ્થાપિતોને કયાં અને કેવી વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવી, તેનો સંપૂર્ણ અહેવાલ રજુ કરવો પડશે. ઘટનાસ્થળે પ્રથમ પહોચનાર પોલીસ, પોલીસને કોલ કરનાર સ્થાનિક વ્યકિત, ટોરેન્ટ પાવરને કોલ કરનાર વ્યકિત સહિતની તમામ વિગતોની ઉંડાણપૂર્વક તપાસ કરી રીપોર્ટ સોંપવા જણાવ્યુ છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે પોલીસ, સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન અને અન્ય સંલગ્ન વિભાગોની કામગીરી શંકાસ્પદ છે અને આ ગેરકાયદેસર ડીમોલેશન મામલે હવે ઉંડાણપૂર્વકની તપાસ અનિવાર્ય છે.

### જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે

# ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણયઃ વીજ ટાવર અને લાઈન વળતરમાં માતબર વધારો



### ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો, ૭૬૫ કે.વી. લાઈનમાં ૬૨૫ ચોમી ના બદલે ૭૨૯ ચોમી નુ વળતર ચુકવાશે

**જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા 'માર્કેટ રેટ કમિટી' (MRC)ની રચના થશેઃ ખેડૂત પ્રતિનિધિઓને મળશે સ્થાન**

અગાઉ ત્રણ તબક્કામાં ચુકવણા ના બદલે એકી સાથે શરૂઆતમાં જ ૧૦૦% ચુકવણું





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિક ભાઈ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે.

ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઈન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઈન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (Market Rate)ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે; ૭૬૫ કે.વી. લાઈનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે.

અગાઉ જમીનમાલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઈરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે.

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સી. (Market Rate Committee)ની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઈઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય. માર્કેટ રેટ નિર્ધારણ કરવાની સમિતિમાં કલેક્ટરશ્રી, જમીનમાલિકોના પ્રતિનિધિ અને ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિ પણ હશે.

બીજી તરફ, વીજ લાઈનના રાઈટ ઓફ વે કોરિડોર માટે એમ.આર.સી દ્વારા નિર્ધારીત થયેલ બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના ૩૦%, નગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૬૦% મુજબ વળતર આપવામાં આવશે.

રાજ્ય સરકારે આ નિર્ણયમાં ઉદારતા દાખવતા સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ અગાઉ જૂના ભાવ પ્રમાણે વળતર મેળવી લીધું હોય, પરંતુ વીજ લાઈનનું કામ હજી પ્રગતિમાં (ચાલુ) હોય, તેવા તમામ ખેડૂતોને આ નીતિ નો લાભ મળવાપાત્ર રહેશે.

**Example 1**

| | ગુજરાત સરકારના ઠરાવ તા: ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૩૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | **DLVC** દર મુજબ (ટાવર માટે - રૂ. ૯૭૯ પ્રતિ ચો.મી.) (ROW કોરીડોર માટે - રૂ. ૭૬૧ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી **(MRC)** મુજબ (રૂ. ૧૮૫૩.૨૯ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૬.૧૧ લાખ (૬૨૫ ચો મીં) | ૨૭.૦૨ લાખ (૭૨૯ ચો મીં) |
| RoW કોરીડોર | ૧૨.૭૪ લાખ (૨૫% ROW) | ૩૭.૨૫ લાખ (30% ROW) |

**Example 2**

| | ગુજરાત સરકારના ઠરાવ તા: ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૨૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | **DLVC** દર મુજબ (ટાવર અને RoW કોરીડોર માટે - રૂ. ૩૮૨ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી **(MRC)** મુજબ (રૂ. ૧૨૩૫.૫૩ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૨.૩૮ લાખ (૬૨૫ ચો મીં) | ૧૮.૦૦ લાખ (૭૨૯ ચો મીં) |
| RoW કોરીડોર | ૬.૩૯ લાખ (૨૫% ROW) | ૨૪.૮૩ લાખ (30% ROW) |